PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/કવા–૦૩/૧૬–૧૭/ ૧૧૫૯૮ તા. ૨૯/૧૨/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શરદકુમાર રસીકલાલ જાની,
–ગુરૂપ્રસાદ– ૦૫/બી,
સૌરાષ્ટ્ર યુની. કર્મચારી કો. હાઉસીગ,
શેરી નંબર: ૦૨,
એફએસએલ લેબોરેટરી પાછળ,
યુનીવર્સીટી રોડ,
રાજકોટ –૩૬૦ ૦૦૫
મો: ૯૪૨૬૨ ૦૧૧૬૭

**વિષય :–મીટર બીલીગ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૧૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૮/કવા–૦૩/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૪)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**


| કેસ નં. : સીજીઆરએફ : ૨૮/ક્વા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ:** શરદકુમાર રસીકલાલ જાની,**ગામ:** રાજકોટ

**રજુઆત કરનાર :** અરજદાર શ્રી શરદકુમાર રસીકલાલ જાની હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) :** કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

**રજુઆત કરનાર :**એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : મીટર બીલીંગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| 1 | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૯૧૫/૦૫૪૩૩/૫ મા માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૬ નુ ૨૩૨૮ યુનીટ નુ રૂ.૧૭,૦૬૪/૩૮ નુ વીજબીલ, જે તા.૧૨–૦૪–૧૬ ના રોજ આપવામા આવતા, તેઓ શ્રી ને, સદર વીજવપરાશી યુનીટ ક્ષતિગ્રસ્ત મીટર મુજબ ના જણાયેલ હતા. જેથી, તેઓ શ્રી એ સદર મીટર બદલાવવાની પીજીવીસીએલ મા તા.૨૧–૦૪––૧૬ ના રોજ મીટર ચકાસણી ફી ભરી અને અરજી આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, તેમના જોડાણ નુ સવાલવાળુ જુનુ મીટર તા.૨૫–૦૪–૧૬ ના રોજ, છેલ્લા રીડીંગ ૫૪૮૯૧ થી બદલાવવામા આવેલ હતુ. અને નવુ મીટર લગાડવામા આવેલ હતુ. જુના સવાલવાળા મીટર ને, પીજીવીસીએલ દ્વારા તા.૨૯–૦૪–૧૬ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, '' સદર મીટર એબનોર્મલ ફાસ્ટ '' હોવાનો રીમાર્ક લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા અપાયેલ હતો. આમ, તેઓનુ મીટર ખરેખર ક્ષતિગ્રસ્ત હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ, મીટર ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ સવાલવાળુ માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૬ નુ વીજબીલ, જે માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૬ પહેલાના ૦૩ સમયગાળા ના અગાઉ ના બીલીંગ ને જ અસરકર્તા રાખી અને પીજીવીસીએલ તરફથી કાર્યવાહી હાથ ધરાયેલ છે. પરંતુ, તેઓ શ્રી નુ મીટર, જે માહે એપ્રીલ – મે– ૧૪ થી માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના સમયગાળા દરમ્યાન વધુ ફાસ્ટ / ક્ષતિગ્રસ્ત હોય, જેથી તેઓ શ્રી ના જોડાણ મા અપાયેલ ફેબ્રુઆરી–માર્ચ –૧૬ પહેલાના સમયગાળા ના માહે એપ્રીલ – મે –૧૪ થી ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના, આશરે ૨૪ થી ૨૬ માસ ના સમયગાળા ના, આશરે ૧૨ થી ૧૩ દ્રીમાસીક વીજબીલો રીવાઇઝ કરવા માટે ફરીયાદી અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. |
| ૧.૨ | વિશેષમા,અરજદાર શ્રી ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને જણાવે છે કે, તેઓ શ્રી ના જોડાણ નુ સદર મીટર, જે માહે એપ્રીલ – મે –૧૪ થી ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના, આશરે ૨૪ થી ૨૬ માસ ના સમયગાળા ના, આશરે ૧૨ થી ૧૩ દ્રીમાસીક વીજબીલો ના સમયગાળા સુધી ફાસ્ટ ફરતુ / ક્ષતિગ્રસ્ત હતુ. પરંતુ, પીજીવીસીએલ કક્ષાએથી આ સમયગાળા દરમ્યાન, તેઓ શ્રી ની મીલ્કત સમાન આ મીટર ની ચકાસણી કરવી જરૂરી હતી. આ બાબત પીજીવીસીએલ માટે નિયમાધીન હોવા છતા, પીજીવીસીએલ કક્ષાએથી, આ ૨૪ થી ૨૬ માસ ના સમયગાળા દરમ્યાન તેઓનુ મીટર કયારેય ચેક કરવામા આવેલ નથી. તદ ઉપરાંત, તેઓ શ્રી એ પણ, સદર ૨૪ થી ૨૬ માસ ના સમયગાળા દરમ્યાન – અગાઉ તેઓ શ્રી નુ મીટર ક્ષતિગ્રસ્ત હોય બદલાવવાની, અગાઉ કયારેય પણ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા કોઈ અરજી નોંધાવેલ ન હતી. પરંતુ, હાલ ના તબ્બકે, તા.૨૧–૦૪–૧૬ ના રોજ, સદર મીટર બદલાવવાની સવાલવાળી અરજી, જે પ્રથમ અરજી જ માત્ર પીજીવીસીએલ મા આપેલ છે. જેના અનુસંઘાને, પીજીવીસીએલ તરફથી મીટર બદલી અને, મીટર બદલાવ્યા પહેલાના ફકત ૦૩ બીલીંગ સમયગાળા ના વીજબીલો જ રીવાઇઝ કરવાની કામગીરી હાથ ધરાયેલ છે. તે યોગ્ય અને વ્યાજબી ન હોય, મીટર બદલાવ્યા પહેલાના આશરે ૨૪ થી ૨૬ માસ ના સમયગાળા ના, આશરે ૧૨ થી ૧૩ દ્રીમાસીક વીજબીલો રીવાઇઝ કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની તેમના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૯૯૧૫/૦૫૪૩૩/૫ નુ મીટર ફાસ્ટ ફરતુ હોવા બાબતે ની અરજી ના અનુસંઘાને, પીજીવીસીએલ તરફથી તા.૨૫–૦૪–૧૬ ના રોજ, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૯૯૧૫/૦૫૪૩૩/૫ નુ સવાલવાળુ એચ.પી.એલ. કંપની ના મીટર નં.: આરઆરએકસકયુ ૧૦૨૧૧૧૧૩૭, જે તા.૨૫–૦૪–૧૬ ના રોજ ના રોજ ના પર્ફોમા –૧૫ નંબર થી, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૫૪૮૯૧ નોંઘાયેલ હતા. તેમજ, સ્થળ પર ૨.૨૮૩ કીવો નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે તા.૨૫–૦૪–૧૬ ના રોજ નવુ એચ.ઈ.પી.એલ. કંપની ના મીટર નં.:પીજીએસટી ૦૩૦૯૬૨૮૦, જે શરૂઆતના ૦૦૦૦૧ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, સવાલવાળુ એચ.પી.એલ. કંપની ના મીટર નં.: આરઆરએકસકયુ ૧૦૨૧૧૧૧૩૭, જે અરજદાર શ્રી ના પ્રતિનીઘી ની હાજરી મા, પીજીવીસીએલ ની લેબોરેટરી મા, તા.૨૯–૦૪–૧૬ ના રોજ ચકાસણી કરવામા આવેલ હતુ. સદર મીટર ની ટેસ્ટીગ બેન્ચ પર ચકાસણી કરતા, મીટર '' એબનોર્મલ ફાસ્ટ '' હોવાની બાબત જણાયેલ છે. આમ, લેબોરેટરી ચેકીગ દરમ્યાન, સદર મીટર '' એબનોર્મલ ફાસ્ટ '' ફરતુ જણાયેલ હોય, એ મુજબ મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ છે. જેથી અરજદાર શ્રી ને, સદર સવાલવાળુ મીટર ઉતાર્યા પહેલાના, ૦૩ બીલીગ સમયગાળા ના વીજબીલો, જે જોડાણ મા, નવા મુકાયેલ તા.૨૫–૦૪–૧૬ ના રોજના મીટર મા નોંઘાયેલ, મીટર બદલાવ્યા પછી ના ૦૩ બીલીગ દરમ્યાન જણાયેલ, વાસ્તવિક વીજવપરાશી એવા, પ્રતિ દ્રીમાસીક બીલીગ અન્વયે ના, ૧૩૨૩ યુનીટ ની ગણતરી ના ઘોરણ હેઠળ આવરી લઈ, અને તે મુજબ આગલા ૦૩ વીજબીલો રીવાઇઝ કરી શકાય. આ મુજબ રીવીઝન થતા – મીટર બદલાવ્યા પહેલાના – ૦૪ વીજબીલો, જે ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા ને અસરકર્તા હોય, – એટલેકે (૧) માહે માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ (૨) માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ (૩) માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૬ (૪) માહે એપ્રીલ – મે– ૧૬ ના વીજબીલો ને – રીવાઇઝ કરતા, આ સમયગાળા મા અગાઉ અપાયેલ કુલ ૪૯૪૧ યુનીટ માથી ૧૩૨૩ યુનીટ બાદ કરીને, બાકી રહેતા ૩૬૧૮ યુનીટ, અરજદાર શ્રી ને જમા આપી શકાય. પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ખાતે કાર્યરત એવી, '' ફરીયાદ નિવારણ સમીતી '' ની મીટીગ મા આ મુજબ નિર્ણય થયેલ છે. |
| ૨.૩ | ફોરમ કમિટી ની સુચના મુજબ, સદર સવાલવાળા મીટર ની અગાઉ ના વર્ષો દરમ્યાન, પીજીવીસીએલ કક્ષાએથી મીટર ની ચકાસણી થયેલ હોવા બાબતે સ્પષ્ટતા માંગેલ હતી. પરંતુ, આ મીટર ની અગાઉ ના વર્ષો પહેલાની ચકાસણી થયેલ હોવાના દસ્તાવેજીક પેપર્સ કચેરી મા ઉપલબ્ધ નથી. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી એ તેઓ શ્રી ના જોડાણ નુ સવાલવાળુ મીટર ફાસ્ટ ફરતુ હોવા બાબતે ની કોઈપણ પ્રકારની લેખીત અરજી, જે હાલ ની સવાલવાળી અરજી પહેલાના, વર્ષ–૨૦૧૦ થી આજદિન સુઘી ના સમયગાળા મા અગાઉ ની અન્ય કોઈ અરજી નોંઘાયેલ હોવાની બાબત, સબંઘક કચેરી ના રેકડમા જણાયેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ એચ.પી.એલ. કંપની ના મીટર નં.: આરઆરએકસકયુ ૧૦૨૧૧૧૧૩૭ , જે લેબોરેટરી ચેકીગ દરમ્યાન '' એબનોર્મલ ફાસ્ટ'' ફરતુ હોવાની બાબત – જેથી મીટર ક્ષતિગ્રસ્ત હોવાની બાબત રેકર્ડ આઘારીત રીતે સ્પષ્ટ થયેલ છે. |

**૩.૨** આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર મીટર, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન '' એબનોર્મલ ફાસ્ટ'' ફરતુ હોવાની બાબત – જેથી મીટર ક્ષતિગ્રસ્ત હોવાની બાબત જણાયેલ છે. તે રેકર્ડ આધારીત બાબતને, માન્ય રાખવા યોગ્ય છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ અને ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ – '' લેબોરેટરી ચકાસણી દરમ્યાન જણાયેલ મીટર ની ''ક્ષતિગ્રસ્તતા'' ને ધ્યાને લઈને, તેને આનુષાંગીક રહીને, સવાલવાળા મીટર ના, મીટર ઉતાર્યા પહેલાના, ૦૩ બીલીગ સમયગાળા ના વીજબીલો ને, જોડાણ મા તા.૨૫–૦૪–૧૬ થી મુકાયેલ નવા મીટર મા પ્રસ્થાપિત થયેલ પ્રતિ બીલીગ વાસ્તવિક સરેરાશ વીજવપરાશી યુનીટ ( ૪૪૧ યુનીટ ) ૪૪૧ યુનીટ – જે નવુ મીટર લગાડયા પછી ના ૧૮૦ દિવસ નો કુલ વીજવપરાશ ૧૩૨૩ યુનીટ, જે પ્રતિદીન ૧૩૨૩ યુનીટ ÷ ૧૮૦ = ૭.૩૫ યુનીટ પ્રતિદીન ની ગણતરીએ થતા, પ્રતિ બીલીગ (૭.૩૫ × ૬૦ = ૪૪૧ યુનીટ) ૪૪૧ યુનીટ ના ધોરણે રીવાઇઝ કરવાની જોગવાઈ છે. જેથી, નામદાર જીઈઆરસી ની માર્ગદર્શક જોગવાઈ હેઠળ ના ધોરણ અન્વયે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર મીટર બદલાવ્યા તા.૨૫–૦૪–૧૬ પહેલાના, ૦૬ માસ ના સમયગાળા ના દિવસો દરમ્યાન અપાયેલ એવા ૦૪ વીજબીલો જે નીચના મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે રીવાઇઝ કરી શકાય.

**૩.૩**

| ક્રમ | બીલીગ સમયગાળો | અગાઉ થયેલ ક્ષતિગ્રસ્ત મીટર મુજબના બીલીગ યુનીટ | નવા મીટર મા સ્થાપિત થયેલ ખરેખર વાસ્તવિક એવા દ્રીમાસીક બીલીગ મા પ્રસ્થાપિત થયેલ સરેરાશ યુનીટ | ખરેખર ક્ષતિગ્રસ્ત મીટર મુજબ ના યુનીટ (૩–૪ = ૫) | રીવાઇઝ ના ધોરણે, આપવા પાત્ર બીલો ના ખરેખર યુનીટ ( કોલમ નં.–૦૪ મુજબ) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| A | ઓકટો–નવે.–૧૫ | ૧૩૬૭ યુનીટ | ૪૪૧ યુનીટ | ૯૨૬ યુનીટ | ૪૪૧ યુનીટ |
| B | ડિસે –જાન્યુ– ૧૬ | ૧૩૪૭ યુનીટ | ૪૪૧ યુનીટ | ૯૦૬ યુનીટ | ૪૪૧ યુનીટ |
| C | ફેબ્રુ–માર્ચ– ૧૬ | ૨૩૨૮ યુનીટ | ૪૪૧ યુનીટ | ૧૮૮૭ યુનીટ | ૪૪૧ યુનીટ |
| D | માહે એપ્રીલ–મે– ૧૬ | ૦૫૧૫ યુનીટ | પ્રતિદીન ૭.૩૫ ની ગણતરીએ થતા ૪૯ દિવસ ના યુનીટ – ૩૬૦ યુનીટ | ૩૬૦ યુનીટ (પ્રતિદીન ગણતરીએ) | ૩૬૦ યુનીટ |
| સરવાળો | | ૫૫૫૭ યુનીટ | ૧૬૮૩ યુનીટ | ૪૦૭૯ યુનીટ | ૧૬૮૩ યુનીટ |

આમ, ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ મીટર ક્ષતિગ્રસ્ત હોય, સદર મીટર બદલાવ્યા તા.૨૫–૦૪–૧૬ પહેલાના, અપાયેલ ઉપરોક્ત કોઠા મા દર્શાવ્યા મુજબ ના, A,B,C and D મા દર્શાવ્યા મુજબ ના, કુલ ૦૪ દ્રીમાસીક વીજબીલો, જે કોઠા ના કોલમ નં. (૦૩) મુજબ ની વિગતે અગાઉ અપાયેલ હતા. તે તમામ ૦૪ દ્રીમાસીક વીજબીલો ને રદબાતલ કરી, અને કોઠા ના કોલમ નં. (૦૬) મુજબ ની વિગતે, ફરી વખત બનાવી – તે મુજબ સદર ૦૪ દ્રીમાસીક વીજબીલો ને, કોલમ નં. (૦૬) મુજબ રીવાઇઝ કરી – અને આ મુજબ ની રીવાઇઝ ગણતરીએ થતી આખરી રકમ માથી, આ સમયગાળા દરમ્યાન અગાઉ ભરપાઈ થયેલ રકમ બાદ કરી, અને બાકી રહેતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલ કરવાની રહેશે. સદર ૦૪ દ્રીમાસીક વીજબીલો ને રીવાઇઝ ગણતરી ની તમામ માહિતી ( અગાઉ ના યુનીટ / રીવાઇઝ યુનીટ / અગાઉ ભરપાઈ થયેલ રકમ / આખરી ગણતરીએ બાકી રહેતી રકમ વગેરે વિગત દર્શાવતી બાબતો) દર્શાવતુ સુવ્યવસ્થિત એવુ રીવાઇઝ ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, ખાસ પ્રત્યુતર પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

| | |
|---|---|
| **૩.૪** | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુખ્ય માંગણી મુજબ, તેઓ શ્રી નુ સવાલવાળુ મીટર, જે પાછલા માહે એપ્રીલ – મે –૧૪ થી ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના, આશરે ૨૪ થી ૨૬ માસ ના સમયગાળા ના, આશરે ૧૨ થી ૧૩ દ્રીમાસીક સમયગાળા દરમ્યાન વધુ ફાસ્ટ ફરતુ / ક્ષતિગ્રસ્ત હોય, આ તમામ એવા આગલા ૨૪ થી ૨૬ માસ ના વીજબીલો ના તમામ બીલો ને અસરકર્તા ગણી, અને તે ગણતરીએ થતા, ક્ષતિગ્રસ્ત મીટર અન્વયે, અગાઉ ના ૨૪ થી ૨૬ માસ દરમ્યાન ના તમામ વીજબીલો મા અપાયેલ વધારે યુનીટ જમા આપવાની બાબત છે.પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી મુજબ ની કાર્યવાહી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની મર્યાદા મા સમાવિષ્ટ ન હોય, પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન રીતે માન્ય રાખી શકાય નહી. |
| **૩.૫** | વિશેષ મા, અરજદાર શ્રી એ સ્વ્યં સ્પષ્ટતા સાથે, ફોરમ કમિટી ને મૌખીક ચર્ચા દરમ્યાન જણાવેલ છે કે, સદર મીટર માહે એપ્રીલ – મે –૧૪ થી ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના, આશરે ૨૪ થી ૨૬ માસ ના સમયગાળા ના, આશરે ૧૨ થી ૧૩ દ્રીમાસીક સમયગાળા દરમ્યાન વધુ ફાસ્ટ ફરતુ / ક્ષતિગ્રસ્ત હોય તે મુજબ ની મીટર ક્ષતિગ્રસ્ત / ફાસ્ટ બાબતે ની કોઈ અરજી, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા નોધાવેલ નથી. પરંતુ, હાલ ના તબ્બકે, સવાલવાળી તા.૨૧–૦૪–૧૬ ના રોજ ની ફાસ્ટ મીટર ની પ્રથમ અરજી જ માત્ર પીજીવીસીએલ મા આપેલ હતી. પીજીવીસીએલ પક્ષકાર તરફથી પણ મળેલ સ્પષ્ટતા મુજબ, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના જોડાણ ના ફાસ્ટ મીટર બાબતે ની, સવાલવાળી અરજી પહેલાના સમયગાળા અગાઉ ની, કોઈપણ લેખીત અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોધાયેલ નથી. સવાલવાળી અરજી, જે પ્રથમ વખત જ નોંધાયેલ છે. તે બાબત ને રેકર્ડ આધારીત ખરાઈ અન્વયે પૂર્તતા મળેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની, તેમનુ મીટર, '' એબનોર્મલ ફાસ્ટ '' થવા બાબતે ની, સવાલવાળી પ્રથમ જ અરજી છે. અને તેના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી સવાલવાળુ મીટર બદલાવી અને લેબોરેટરી ચેકીગ દરમ્યાન સદર મીટર ક્ષતિગ્રસ્ત જાહેર કરેલ છે. સદર વધુ ક્ષતિગ્રસ્ત મીટર અન્વયે ના વધારાના નોધાયેલ યુનીટ ની ગણતરી – જે જીઈઆરસી ના ધારાધોરણ મુજબ મીટર બદલાવ્યા પહેલાના ૦૬ માસ સુધી જ લઈ શકાય. તે જોગવાઈ ને આનુષાંગીક રહીને જ, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, અગાઉ ના ૦૬ માસ ના સમયગાળા ના બીલીગ ને, જોડાણ મા મુકાયેલ નવા મીટર મા પ્રસ્થાપિત થયેલ વાસ્તવિક વીજવપરાશી એવા પ્રતિ દ્રીમાસીક બીલીગ સરેરાશ વીજવપરાશી યુનીટ ના ધોરણ ને અસરકર્તા રાખી, અને તેનો નિયમાધીન લાભ અરજદાર શ્રી ને આપવા બાબતે નો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ એવા મુદદા નં. ૩.૩ મા દર્શાવ્યા મુજબ ની વિગતે ના, સદર ૦૪ દ્રીમાસીક વીજબીલો ને રીવાઇઝ ગણતરી ની તમામ માહિતી ( અગાઉ ના યુનીટ / રીવાઇઝ યુનીટ / અગાઉ ભરપાઈ થયેલ રકમ / આખરી ગણતરીએ બાકી રહેતી રકમ વગેરે વિગત દર્શાવતી બાબતો) દર્શાવતુ સુવ્યવસ્થિત એવુ રીવાઇઝ ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, ખાસ પ્રત્યુતર પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

| | |
|---|---|
| **(શ્રીમતી કે.જે.મોટાણી )**<br>સ્વતંત્ર સભ્ય<br>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ | **(ટી.બી.ભીમાણી)**<br>ચેરમેન<br>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ |

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.